

રખડતાં ઢોરોનો ત્રાસ ગાંધીનગરમાં એટલો બધો છે કે રસ્તા પર તો ઠીક પણ શહેરની સુંદરતામાં વધારો કરતાં સર્કલોમાં પણ ઢોર-ઢાંખર ઘુસી જાય છે, જેને અટકાવનાર કોઈ જ નથી. (તસવીર : કશ્યપ નિમાવત)

# બે બાંગ્લાદેશીઓને મુકવા પોલીસ પશ્ચિમ બંગાળ પહોંચી

## પથિકાશ્રમથી પકડાયેલા બંને શખ્સોની તમામ એજન્સીઓએ પુછપરછ કરી : આઠ મહિનાથી નજરકેદ હતાં

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર પથિકાશ્રમ એસ.ટી. ડેપો પાસેથી ૮ મહિના પહેલા બે બાંગ્લાદેશીઓને ગાંધીનગર પોલીસે ઝડપી પાડયા હતાં. ગાંધીનગર એસ.ઓ.જી. સહિતની તમામ એજન્સીઓએ બંને બાંગ્લાદેશીઓની સઘન પુછપરછ કરી પરંતુ કાંઈ શંકાસ્પદ ન નીકળતા ૮ મહિના નજરકેદ રાખ્યા બાદ ગૃહ વિભાગમાંથી મંજુરી લઈને બંનેને બાંગ્લાદેશ પહોંચાડવા તજવીજ શરુ કરી છે. સે-૭ પોલીસ બંનેને લઈ પશ્ચિમ બંગાળ પહોંચી છે. બોર્ડર સિકયુરીટી ફોર્સને બંને સોંપી દેવાયા બાદ ફોર્સ તેમને બાંગ્લાદેશ પહોંચાડશે.

પથિકાશ્રમ એસ.ટી. ડેપોમાંથી ૧૮મી ઓકટોબર ૨૦૧૨ના રોજ મહમ્મદજીલુ મહમ્મદ અખત્યાર શેખ અને મહમ્મદશકુર મહમ્મદ અખત્યાર શેખ નામના બે બાંગ્લાદેશી ભાઈઓને સે-૭ પોલીસે ઝડપી પાડયા હતા. બંને શખ્સોની ઉંડી પુછપરછ કરવામાં આવી પરંતુ કોઈ ગંભીર બાબત ન નીકળતા તેમને પરત બાંગ્લાદેશ મોકલી આપવા પોલીસ દ્વારા ગૃહ વિભાગને મંજુરી માંગતો પત્ર મોકલવામાં આવ્યો હતો. ૮ મહિનાથી નજરકેદ બંને બાંગ્લાદેશીઓને બાંગ્લાદેશ પરત મોકલવાની મંજુરી ગૃહ વિભાગે આપતા સે-૭ પોલીસની ટીમ બંનેને લઈને પશ્ચિમ બંગાળ પહોંચી છે. બોર્ડર પર બીએસએફને બંને બાંગ્લાદેશીઓ સે-૭ પોલીસ સોંપશે ત્યાંથી બંનેને બાંગ્લાદેશ બીએસએફની ટીમ પહોંચાડશે.

# ગાંધીનગરમાં રખડતાં ઢોરના જુલમથી વાહનચાલકો-રાહદારીઓ ત્રાહિમામ

## માર્ગોને ઢોરોના ટોળાં રીતસર બાનમાં લઈ લે છે : દૂર કરવા જતાં હુમલો કરે છે

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરના માર્ગો ઉપર અડીંગો જમાવી ઊભા રહી જતાં ઢોરોના ટોળાથી વાહનચાલકો અને રાહદારીઓ ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. સતત અખબારી અહેવાલો આવતા હોવા છતાં તંત્ર દ્વારા કોઈ જ કાર્યવાહી ન થતાં અનેક લોકો ઈજાગ્રસ્ત બન્યા હોવાનું જાણવા મળેલ છે. તેમજ શહેરીજનોની તંત્ર વિરૂદ્ધ સખ્ત નારાજગી જોવા મળી રહી છે.

ગાંધીનગરના મુખ્ય માર્ગો અને આંતરિક માર્ગો પર ગાયોના ટોળેટોળા માર્ગોને બાનમાં લઈ રહ્યા છે. રાહદારીઓ અને વાહનચાલકોની સ્થિતિ દયનીય બની છે. દિન-પ્રતિદિન ગાયોની સંખ્યા વધી રહી હોવાનું જણાઈ રહ્યું છે. ત્યારે સતત અખબારી અહેવાલ દ્વારા તંત્રનું ધ્યાન દોરવાના થયેલા પ્રયાસો અત્યાર સુધી નિરર્થક સાબિત થઈ રહ્યા છે.

તો બીજી તરફ આ ટોળાને દૂર કરવાના પ્રયાસમાં કે અંદરોઅંદર ગાયોના ઝઘડવાથી અત્યાર સુધી અનેક લોકો ઈજાગ્રસ્ત બન્યા છે. જેમાં કેટલાકને ફ્રેકચર તો કેટલાક જીવલેણ ઈજાઓનો ભોગ બન્યા હોવાના સમાચાર સાંપડ્યા છે. શહેરમાં મોટાપ્રમાણમાં માર્ગો ઉપર ઊભી રહેતી ગાયો માલિકીની હોય છે તેને સવારે છોડી દેવાય છે અને રાત્રે યથાસ્થાને જતી રહે છે. જે માટે હિંદુ સંસ્કૃતિનો આશરો લેવાય છે. જો યોગ્ય બાબત લેખાતી નથી. હિંદુ સંસ્કૃતિમાં ગાયને માતા તરીકે પૂજનીય ગણી છે જેથી કોઈ તેને મારતું નથી અને તેને ઘાસચારો કે નીરણ અપાય છે. આ બાબતને ધ્યાને લઈ કેટલાક ઢોર માલિક ગેરફાયદો ઉઠાવી ઉઠાવી રહ્યા હોવાનો બળાપો શહેરીજનો વ્યક્ત કરી રહ્યા છે.



(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

તો બીજી તરફ ગાયો માર્ગોમાં ઊભી રહેવાના કારણોમાં જીવ જંતુ અને મચ્છરોથી મુક્તિ મેળવવાનો હોવાનું તેમજ વાહનોના ધુમાડાથી અને પવનથી માખીઓના ત્રાસથી છુટકારો રહે તેવું પણ કેટલાક બુદ્ધિજીવી વર્ગ માની રહ્યા છે. પરંતુ ગાયોના થઈ રહેલા હુમલા અને અવરજવરમાં અવરોખજ બનતા આ ટોળા હવે અનિયંત્રીત થયા છે ત્યારે તંત્ર દ્વારા સત્વરે કડક પગલાં લેવા તેવી જલદ માંગ ઉઠવા પામી છે.

# મહિલાઓની જાતીય સતામણી અંગે આજે રાજય સ્તરીય વર્કશોપ

## ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ એસ.કે. નંદાના વરદ હસ્તે ઉદઘાટન

ગાંધીનગર, તા.૨૧

સુરક્ષા સેતુ સોસાયટી યોજના અંતર્ગત ‘કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી (ફરિયાદોનું નિવારણ, રક્ષણ અને સુધારણા) અધિનિયમ-૨૦૧૩’ પબ્લીક અને પ્રાઈવટે સેકટર તથા બીજી સંસ્થાઓના એમ્પ્લોઈઝને જાણકારી આપવા અંગે રાજય સ્તરીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. સીઆઈડી ક્રાઈમનાં મહિલા સેલ, ગાંધીનગર દ્વારા આવતી કાલે ૨૨ ઓગસ્ટના રોજ સવારે ૧૦.૩૦ કલાકે અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન ખાતે આ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. વર્કશોપનું ઉદઘાટન અધિક મુખ્ય સચિવ, ગૃહ વિભાગ શ્રી એસ.કે. નંદાના વરદ હસ્તે કરવામાં આવનાર છે.

# આજે સેકટર-૨૬ ગ્રીનસીટી ખાતે સુંદરકાંડના પાઠ યોજાશે

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરના સેકટર-૨૬ ગ્રીનસીટી હનુમાનજી મંદિર ખાતે સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે સંગીતમય સુંદરકાંડના પાઠ તા. ૨૨ ઓગસ્ટ ૨૦૧ને ગુરુવારના રોજ રાત્રે ૮.૩૦ કલાકે યોજાશે તો સૌ ભકતોને પધારવા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવે છે.

# સેકટર-૩/એ/ન્યુમાં ગંદકી-મચ્છરનો ભારે ઉપદ્રવ સામે પગલાં લેવા વસાહતીઓની માંગ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરના સેક્ટર-૩એ ન્યુમાં ચોમાસા સિઝનને લીધે વાહકજન્ય રોગચાળો માથું ઉચકે તેવા સંકેતો સાંપડી રહ્યા છે. હાલમાં આ સેક્ટરમાં ગંદકીનું સામ્રાજય ઠેરઠેર જોવા મળે છે. આ ગંદકીને લીધે મચ્છરોના ઉપદ્રવથી વસાહતીઓ હેરાન-પરેશાન થઈ રહ્યા છે. આ પરિસ્થિતિને લીધે આ વરસાદમાં ઘણા ચિકનગુનિયા તથા ડેન્ગ્યુના કેસ નોંધાયા હોવાનું જાણવા મળે છે. આ રોગચાળો વધુ ન ફેલાય તે માટે ગંદકી અને મચ્છરોનો ઉપદ્રવ નિયંત્રણમાં લેવા માટે જિલ્લા સત્તાવાહકોને વારંવાર લેખિત તથા રૂબરૂમાં ઉગ્ર રજૂઆત કરવા છતાં હજુ સુધી કોઈ નિયંત્રણ અંગે કાર્યવાહી તથા યોગ્ય પગલાં ન લેવાતાં વસાહતીઓમાં ભારે રોષ અને અંસતોષની લાગણી પ્રસરી રહી છે. આ બાબતે હવે કોઈ પગલાં નહીં લેવાય તો વસાહતી ઉગ્ર આંદોલનનો રાહ અપનાવવા ચીમકી ઉચ્ચારી છે. તેવું સેક્ટરના હોદ્દેદારો દ્વારા જણાવવામાં આવે છે.

# જય અંબે યુવક મંડળ અને શિવ શક્તિ પરિવાર કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરશે

ગાંધીનગર, તા. ૨૧

જય અંબે યુવક મંડળ તથા શિવશક્તિ પરિવાર સેકટર-૩ ન્યુ ગાંધીનગર દ્વારા જન્માષ્ટમી પર્વની ઉજવણી આગામી તારીખ ૨૮ ઓગસ્ટ ૨૦૧૩ને બુધવારના રોજ સેકટર-૩ ન્યુ શિવશક્તિ મંદિર ખાતે યોજવામાં આવનાર છે. આ પવિત્ર પર્વ નિમિત્તે સર્વે ગાંધીનગરના વસાહતીજનોને ભગવાન કૃષ્ણના જન્મોત્સવના દર્શનનો અનેરો લ્હાવો લેવા સહર્ષ હાર્દિક નિમંત્રણ મંડળ દ્વારા પાઠવવામાં આવે છે. આ જન્માષ્ટમી પર્વ નિમિત્તે જે કોઇ પણ વસાહતીજનોને ફાળો તેમજ પ્રસાદી આપવાની ઈચ્છા હોય તો મંડળને રૂબરૂ મળી નામ નોંધાવવા જન્માષ્ટમી પર્વના દિવસે, રાત્રે ૮:૩૦ થી ૧૨ વાગ્યા દરમિયાન ભવ્ય રાસગરબા ૧૨ કલાકે ભગવાન શ્રીકૃષ્ણ જન્મોત્સવ (હિંડોળા દર્શન) ૧૨:૩૦ કલાકે સ્ટેજ પ્રોગ્રામ (બાળકો દ્વારા) તેમજ ભવ્ય મટકી ફોડ કાર્યક્રમ (આતશબાજી) સાથે રાત્રે ૧૨.૪૫ કલાકે યોજવામાં આવનાર છે.

# સે-૨૫માં ઘર આંગણે પાર્ક કરેલું બાઈક ચોરાયું

## રાત્રી દરમિયાન વાહનચોર સક્રિય : લોક તોડીને પલ્સર બાઈક ઉઠાવી ગયા

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરમાં રાત્રી દરમિયાન વાહનચોરો સક્રીય થાય છે. ઘર આંગણે પાર્ક કરેલા ટુ વ્હીલરને ટાર્ગેટ બનાવીને લોક તોડીને અથવા માસ્ટર કી વડે લોક ખોલીને વાહન ચોરી થયાની અગાઉ પણ ઘણી ફરીયાદો નોંધાઈ છે. દરમિયાન ગત રાત્રિએ વધુ એક પલ્સર બાઈકની સે-૨૫ સુર્યનારાયણ સોસાયટીમાંથી ચોરી થઈ જવા પામી છે. સે-૨૧ પોલીસે બાઈક માલિકની ફરિયાદને આધારે ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

શહેરના સેકટર-૨૫ સુર્યનારાયણ સોસાયટીમાં પ્લોટ નં. ૮૬૦/૨ ખાતે રહેતા સંદિપસિંહ દિલીપસિંહ વાઘેલાએ પોતાનું પલ્સર બાઈક નં. જીજે-૧૮-એ.ડી. ૬૯૩૪ ગઈ કાલે ઘરે પહોંચીને ઘર આંગણે પાર્ક કર્યું હતું. રાત્રે સાડા અગિયાર વાગ્યે તેમણે પોતાનું બાઈક પાર્ક થયેલું જોયું હતું. સવારે પોણા આઠ વાગ્યે ઉઠીને બહાર નજર નાંખી તો પાર્ક કરેલું બાઈક જ ગાયબ હતું. રાત્રિ દરમિયાન વાહન ચોરો તેમના પલ્સર બાઈકનું લોક ખોલીને કે તોડીને ચોરી કરીને ફરાર થઈ ગયા હતાં. સંદિપસિંહે બાઈક ચોરી અંગે સે-૨૧ પોલીસ મથકે ફરિયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરીને બાઈક ચોરને શોધી કાઢવા ચક્રો ગતિમાન કર્યાં છે.



# ફોટોગ્રાફર્સ એસોસિયેશન ઓફ ગાંધીનગર દ્વારા વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફી ટૂર યોજાઈ

ફોટોગ્રાફર્સ એસોસિયેશન ઓફ ગાંધીનગર દ્વારા તા. ૧૯ ઓગસ્ટ ૨૦૧૩ને સોમવારના રોજ વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફી ટૂર જે વર્લ્ડ ફોટોગ્રાફી દિને અરણ્ય ઉધાન ખાતે રાખવામાં આવી હતી. જેમાં ગાંધીનગરના મોટી સંખ્યામાં ફોટોગ્રાફર મિત્રો ઉત્સારભેર જોડાયા હતા. આ પ્રસંગે ઉપસ્થિત ફોટોગ્રાફરોને વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફીના જાણકાર ગીર ફાઉન્ડેશનના ફોટોગ્રાફર ઈર્શાદ ઠેબા, સુનિલ પંચાલ, જયદીપસિંહ જાડેજા એ વન્યજીવન અને વન્યપ્રાણી વિષે વિસ્તૃત માહિતી આપી હતી અને વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફી કઇ રીતે કરવી અને કઇ કઇ બાબતોને ધ્યાનમાં રાખી ફોટોગ્રાફી કરવી તેનું માર્ગદર્શન પુરૂ પાડવું હતું. ફોટોગ્રાફીની નાના પાયે પ્રતિયોગીતા પણ રાખવામાં આવી હતી. જેનું પરિણામ તા. ૨૫ ઓગસ્ટના રોજ જાહેર કરવામાં આવનાર છે. ફોટોગ્રાફર એસોસિએશન ઓફ ગાંધીનગરના પ્રમુખ પ્રવિણ ઠાકર, ઉપપ્રમુખ અજય પટેલ, મંત્રી રૂપસિંહ કે. રાજન સહતિ સર્વે સભ્યોએ અરણ્ય ઉદ્યાનના અધિકારી રાકેશ ભટ્ટનો સહકાર માટે આભાર વ્યક્ત કર્યો હતો.

# શહેરમાં સુકાયેલા વૃક્ષો અને નમેલી ડાળીઓ દુર કરવામાં તંત્રની ઉદાસીનતા

## આરાધના સ્કુલ સામે સુકાયેલું વક્ષ જીવલેણ બની શકે છે, શહેરીજનોમાં તંત્ર વિરૂધ્ધ આક્રોશ

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરમાં વનવિભાગ દ્વારા નકકર કોઈ કામગીરી ન થતી હોવાના કારણે ઠેર ઠેર સુકાયેલા વૃક્ષો અને નમેલી ડાળીઓ અકસ્માતને આમંત્રિત કરી રહી છે. શહેરના મુખ્યમાર્ગોને જોડતા સેકટરના માર્ગો ઉપર આ સમસ્યા વધુ ફુલી ફાલી છે. જેમાં વાહનોથી ધમધમતા ઘ-૬થી ૨૪ ચોકડી વચ્ચે ઘણા સમયથી સુકાયેલું વૃક્ષ જૈસે થે સ્થિતમાં છે અને માર્ગ વચ્ચે વૃક્ષોની ડાળીઓ નમીને આવી ગઈ છે જેથી વાહન ચાલકો ભયજનક સ્થિતિમાં વાહન હંકારી રહ્યા છે. આવી પરિસ્થિતિ સમગ્ર શહેરમાં ઉભી થઈ છે જે કારણે લોકોમાં તંત્ર વિરૂદ્ધ આક્રોશ જોવા મળી રહ્યો છે.

ગાંધીનગર શહેર હરિયાળા નગર તરીકે રાજયભરમાં ઓળખાય છે. પરંતુ વન વિભાગની ઘોર ઉદાસીનતાથી આ હરીયાળું નગર કદરુપું દેખાઈ રહ્યું છે. શહેરમાં એકાદ બે જગ્યાએ કામગીરી કરી તંત્ર દફતરે કામગીરી દર્શાવી રહ્યું છે પરંતુ શહેરમાં ઠેર ઠેર સુકાયેલા વક્ષો, મુખ્યમાર્ગો તેમજ સેકટરના માર્ગો ઉપર વૃક્ષોની માર્ગ ઉપર આવી ગયેલી ડાળીઓ માર્ગની આજુબાજુ ઉગી ગયેલા ઘાસ વાહન વ્યવહાર તથા રાહદારીઓ માટે મુશ્કેલી ઉભી કરી રહ્યા છે.

જેમાં ઘ-૬ થી ૨૪ ચોકડી વચ્ચે આરાધના સ્કુલની સામે ઘણા સમયથી સુકુ ભઠ્ઠ થઈ ગયેલું વૃક્ષ કયારે પડશે તે અનિશ્ચિત હોવા છતાં તંત્રની ઉપેક્ષાથી ત્યાં નજરે પડી રહ્યું છે. આ જ માર્ગ ઉપર વૃક્ષોની ડાળીઓ પણ નમી માર્ગ ઉપર આવી ગઈ હોવાનું દેખાઈ રહ્યું છે. છતાં તંત્ર ને આ કેમ દેખાતું નથી? તે પ્રશ્ન શહેરીજનો કરી રહ્યા છે. સુકાયેલા વૃક્ષો જોરદાર પવન કે વાવાઝોડાની થપેટમાં ધરાશાયી થાય તેવી સ્થિતિ છે. અને માર્ગની અડીને જ હોવાથી જીવલેણ સાબિત થઈ શકે છે.

શહેરને હરિયાળું રાખવા તેની માવજત એટલી જ જરુરી છે. સમયાંતરે દરેક સેકટરવાઈઝ વૃક્ષો અને તેની સ્થિતિ અંગે અભ્યાસ કરવો અનિવાર્ય છે છતાં યોગ્ય માવજતના અભાવે શહેરના મોટા ભાગના વૃક્ષો બિન જરુરી ફાલ્યા છે અને સુકાઈ ગયા છે. જેથી શહેરની રોનક ગણાતા વૃક્ષરૂપી ધનને સાચવવા તંત્ર દ્વારા સત્વરે કાર્યવાહી કરાય તેવી માંગ શહેરીજનોએ કરી છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૩

સૂર્યાસ્ત : ૭.૦૧

## તાપમાન

મહત્તમ : ૩૧.૫ ડિ.સે.

લઘુત્તમ : ૨૬.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૮૮ ટકા ● સાંજે ૭૨ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

વન્સ અપૉન એ ટાઈમ ઈન મુંબઈ: ૯.૦૦, ૩.૧૦, ૯.૨૦

ચેન્નાઈ એક્ષપ્રેસ : ૧૨.૧૦, ૬.૨૦

: સ્ક્રીન-૨ :

વન્સ અપૉન એ ટાઈમ ઈન મુંબઈ: ૯.૪૫, ૧૨.૪૫, ૩.૫૫, ૭.૦૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :

ચેન્નાઈ એક્ષપ્રેસ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૪ :

વન્સ અપૉન એ ટાઈમ ઈન મુંબઈ : ૧૧.૧૫, ૨.૧૫, ૫.૨૫, ૮.૩૫

### સૂર્યા, વાવોલય

વન્સ અપૉન એ ટાઈમ ઈન મુંબઈ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

મા બાપના આશીર્વાદ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

વન્સ અપૉન એ ટાઈમ ઈન મુંબઈ : ૧૦.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

ચેન્નાઈ એક્સપ્રેસ: ૧.૩૦,

: સ્ક્રીન-૨ :

ચેન્નાઈ એક્સપ્રેસ : ૧૦.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

વન્સ અપૉન એ ટાઈમ ઈન મુંબઈ : ૧.૧૫

: સ્ક્રીન-૩ :

વન્સ અપૉન એ ટાઈમ ઈન મુંબઈ : ૧૧.૦૦, ૫.૦૦, ૧૧.૦૦

ચેન્નાઈ એક્ષપ્રેસ : ૨.૦૦, ૮.૦૦

### ચિરાગ, કલોલ

વન્સ અપૉન એ ટાઈમ ઈન મુંબઈ :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### ધાર્મિક

- અષાઢ વદ-૧૪ નીમિતે શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી વલ્લભધામ, ચ-રોડ, સેકટર-૨૧ ખાતે આજે સુરંગનો હિંડોળા
- શ્રી શિવ-શક્તિ મહિમ્ન સ્ત્રોત મંડળ સેકટર-૨૩, ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિતે હર્ષદભાઈ જોષીના નિવાસ સ્થાન ૧૫૫/૭, ટાઈપ ચીપ ટાઈપ સોપીંગની બાજુમાં, શિવ મહિમ્ન પાઠ તથા સ્તુતિ વંદના.
- શ્રીમાળી બ્રાહ્મણ સમાજ, ગાંધીનગર દ્વારા શ્રાવણ માસ નિમિત્તે નટવરલાલ ત્રિવેદીના નિવાસ સ્થાન ૬૩૯/૨, સેકટર-૩/સી, ખાતે શિવ મહિમ્ન પાઠ અને ભક્તિ વંદના.
- શ્રાવણ માસ નિમિતે શ્રી રામજી મંદિર, વાવોલ ખાતે મંહત મધુસૂદનદાસજી બાપુના સાંનિધ્યમાં ભાગવત કથા અને બાળકોનાં બિસ્કીટના હિંડોળા.

## આપની આજ

**મેષ** : કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક યાત્રા થઈ શકે છે. વેપાર સંબંધી કાર્યો માટે યાત્રાથી ભાગ્યોદય. કૌટુંબિક સમસ્યાઓનું નિરાકરણ આવી શકે છે. સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ પ્રાપ્ત થઈ શકશે.

**વૃષભ** : કાર્યમાં મુશ્કેલી આવી શકે છે ખાનપાનમાં ગડબડીથી પેટની તકલીફો ઉભી થઈ શકે છે. સામાજિક પ્રતિષ્ઠામાં કમી ન આવે તેની તકેદારી રાખવી.

**મિથુન** : મિત્રો અને સ્વજનો સાથે ભેટ થશે. યાત્રાથી લાભ થશે. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થશે. વ્યવસાયિક યાત્રા લાભ પ્રદ રહેશે.

**કર્ક** : કોઈ ચિંતાથી મુક્તિ મળશે. સમસ્યાઓ ઉકેલાશે. જ્ઞાન, શિક્ષણ સંબંધી સામાજિક કાર્યોમાં સમય પસાર થશે. અત્યંત ઉપલબ્ધિ કારક સમય છે. કૌટુંબિક કાર્યો માંગલિક કાર્યો, ધાર્મિક કાર્યો માટે વિશેષ યાત્રાનો યોગ.

**સિંહ** : પ્રતિષ્ઠિત વ્યક્તિઓથી સંબંધોમાં ઘનિષ્ઠતા આવશે જેનો લાભ ભવિષ્યમાં થશે. ભાગ્યવર્ધક કાર્યોમાં અડચણ સંભવિત છે. રાજકીયક્ષેત્રમાં માન-સન્માનમાં વૃદ્ધિ થશે. શારીરિક સ્વાસ્થયનું ધ્યાન રાખવું.

**કન્યા** : વિશેષ યાત્રાઓ બાદ લંબિત કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે. ધર્મ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતનનો યોગ બને છે. વિવાદિક વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્રોત તરફ વિચાર-વિમર્શ થવાની શકયતાઓ છે.

**તુલા** : આર્થિક કાર્યો અંગે સામાન્ય હેરાનગતિ થઈ શકે છે. પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થશે. વ્યાપારમાં નાણાંકીય મુશ્કેલીઓ ન ઉભી થાય તેની સાવચેતી રાખવી.

**વૃશ્ચિક** : શિક્ષણ સંબંધી કાર્યો અંગે માનસિક બેચેની રહેશે. આર્થિક ક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ. ધૈર્યથી વ્યાપાર-વ્યાપારિક કાર્યોને પૂર્ણ કરો. ધાર્મિક યાત્રાનો થવાની સંભાવના છે. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની શક્યતાઓ રહેલી છે.

**ધન** : વ્યાપારીક યાત્રાઓથી લાભ પ્રાપ્તિ થશે. આર્થિક વિવાદોને ઉકેલવામાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્તિનો યોગ. નાણાંકીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. મનોરંજન, સંતાન સંબંધી કાર્યોમાં ધન ખર્ચ થઈ શકશે.

**મકર** : સંચિત ધનમાં વૃદ્ધિ થવાની સંભાવના છે. કુટુંબમાં શુભ માંગલિક કાર્યો માટે ચર્ચા-વિચારણા થશે. આર્થિક સ્થિતિમાં લાભનો થઈ શકશે. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું.

**કુંભ** : રોજગાર સંબંધી કાર્યોમાં લાભ થશે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક યાત્રા-પ્રવાસ થઈ શકે છે. આધ્યાત્મ સંબંધી માંગલિક કાર્યોમાં વિશેષ યાત્રા થવાની શકયતા છે.

**મીન** : માનસિક સંયમનું પાલન કરવું. ભવન, વાહન પરિવર્તન સંબંધી ભાગ્યવર્ધક કાર્યોમાં યાત્રા- પ્રવાસનો યોગ પ્રબળ બની રહ્યો છે. આર્થિક વિવાદોમાં વિશેષ કાર્ય થશે.

## ચિરવિદાય

- સ્વ. લીલાબા ગોકાજી બિહોલા (ઉ.વ.૫૮) મુ.પો. પાલજ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. સરોજ મહેશચંદ્ર દૂબે (ઉ.વ.૬૨) પ્લોટ નં. ૨૮૭, શ્રેયસ સોસાયટી, સેકટર-૨૨, ગાંધીનગર.
- સ્વ. ચમનાજી ચેતાજી પ્રજાપતિ (ઉ.વ.૬૮) પ્લોટ નં. ૧૯૩/૨, કિસાનનગર, સેક્ટર-૨૬, ગાંધીનગર